**નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬**

અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અપાતા ગણવેશની સહાયમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2561/G
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૪/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૭/૭૨૧૩૪(ન.બા.-૧૭)/ગ તા.૦૯/૦૪/૨૦૧૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૧૪૬૨/ન.બા.૧૩/ગ તા.૦૭/૦૪/૨૦૨૨

(૩) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક: અજાક/ગ/આનિશા/૨૦૨૪-૨૫/૧૫૮૦-૮૨ તા.૦૫/૦૩/૨૦૨૫

**આમુખ:**

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં અનુસૂચિત જાતિના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રહેવા, જમવા અને અભ્યાસ માટેની નિ:શુલ્ક સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના તા.૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવથી અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ.૬૦૦/-ની મર્યાદામાં ગણવેશ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ હતુ. વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના તા.૦૭/૦૪/૨૦૨૨ના ઠરાવથી સદર સહાય રૂ.૬૦૦/- થી વધારીને રૂ.૯૦૦/-ની મર્યાદામાં આપવાનું ઠરાવાયેલ હતુ. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૫/૦૩/૨૦૨૫ પત્રથી રૂ.૯૦૦/-ની સહાયમાં રૂ.૬૦૦/-નો વધારો કરીને રૂ.૧૫૦૦/-ની મર્યાદામાં ગણવેશ સહાય આપવા રૂ.૦.૧૨ કરોડનો ખર્ચ કરવા માટેની વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ હતી જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અપાતી હાલની રૂ.૯૦૦/-ની ગણવેશ સહાયમાં રૂ.૬૦૦/-નો વધારો કરીને રૂ.૧૫૦૦/-ની સહાય આપવાની રૂ.૦.૧૨ કરોડના ખર્ચની વર્ષ ૨૦૨૫-૨૬ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Apr-2025 (12:30 PM)

2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ રાખવાની રહેશે.

3. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

4. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ–માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિસ્ચિત કરવાની રહેશે.

5. નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

6. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

7. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી વહીવટી વિભાગને રજુ કરવાનું રહેશે.

8. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

9. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

10. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

11. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

12. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

13. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી નં ૯૫, મુખ્ય સદર – ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અન્ય પછાત વર્ગ કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિનુ કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ – શિક્ષણ, પેટા સદર (૧૭) SCW-8 સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ઈ–ફાઈલ પર નાણાવિભાગની તા.૨૮/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Apr-2025 (12:30 PM)

Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 03-Apr-2025 (12:30 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

(૧) માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૨, સચિવાલય, ગાંધીનગર

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત

(૪) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં 4/2, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ, અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)

(૮) સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)

(૯) સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) સેક્શન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર સદર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સાથે.

(૧૦) શાખા સિલેક્ટ ફાઈલ – ૨૦૨૫